

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વિદેશની કમાણી હવે કષ્ટની કતારમાં છે,*
*ને વિદેશી ભારતીયોની આફત કતારમાં છે,*
*કતારમાં છે કોયડા અને કાયદાઓ વિઝાના -*
*દેશ-વિદેશની સમસ્યાઓ ઊભી કતારમાં છે...*

હાઈકુ

*મેરા ભારત,*
*જ છે સૌથી મહાન -*
*કરો સ્વીકાર...*

*મોહ ને માયા,*
*વિદેશી કમાણીની -*
*સર્જે સમસ્યા !*

### ચિંતન

*જોરે કિસાન કિસાની કરઈ, ઉપજૈ ખેત બીજ નહિ પરઈ ।*
*છોડી દેહ નર ઝેલિક ઝેલા, બૂડે દોઉ ગુરુ ઔ ચૈલા ॥*

**ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**ખેડૂત ખેતી કરે છે, તેના ખેતરમાં છોડ તો ઘણા ઉગે પણ તેમાં ઘણા ન બેસે તો ખેતી વ્યર્થ બની જાય, એ જ રીતે સકામ કર્મ કરવાની પ્રેરણા આપનારા કોઈ ગુરુના ફંદામાં ફસાઈ જાય છે તો તેનાથી તેને લૌકિક સંપત્તિ તો કદાચ મળશે, પણ તેને હંમેશને માટે જીવ નિર્ભય બની જાય તે મુક્તિ મલશે નહિ, એટલા માટે કબીર કહે છે કે, હે નર ! તું આ સંસાર સાગરના અપાર પ્રવાહમાં તરવાનું છોડી દે, સંસાર પર પ્રીતિ કરાવે એવી સકામ કર્મોપાસના કરવાનું છોડી દે અને પરમાત્માની નિષ્કામ ભક્તિ કર અને ભક્તિ દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કર.**

### સુવિચાર

- યહાં શખ્સ હર પલ હાદસા હોને સે ડરતા હૈ,
  ખિલોના હૈ જો મિટ્ટી કા ફના હોને સે ડરતા હૈં - **જીગર મુરાદાબાદી**
- પાછળ પણ 'પરાસ્ત' નહીં, સુષુપ્ત પણ 'સમાપ્ત' નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- આંખમાં અહમ્‌નો મોતિયો આવ્યા પછી સત્ય ઝાંખુ દેખાય છે - **જનકલ્યાણ**
- બને એટલું સરળ બનવું... સ્માર્ટ નહીં... ઈશ્વરે બનાવ્યા છે... 'સેમસંગે' નહીં - **હિરેન ભટ્ટ**
- શરીરમાંથી જીવની બાદબાકી મોતની 'શેષ' છે, મોક્ષનું સમીકરણ ભાવ શૂન્યતાથી બંધાય છે - **ચિત્રલેખા**
- ભગવાને તમને હોઠ ધનુષ આકારના આપ્યા છે,
  તેમાંથી એવા બાણ ન છોડો કે સામા વ્યક્તિને વીંધી નાખે - **કાજલ ઓઝા વૈદ્ય**
- આજનું ઔષધ : સૂંઠ અને જૂના ગોળના ઉકાળા સાથે ૧ થી ૨ ચમચી દિવેલ રોજ પીવાથી એક માસમાં જૂની ઉદરસ મટી જાય છે **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

અકબરને એક જ્યોતિષીએ કહ્યું, 'લાંબા આયુષ્ય માટે એક કીમિયો છે. સવારે ઉઠતાં વેત જો કાગડો - કાગડીની જોડી જોવા મળી જાય તો બસ... જીવે જ જીવ... જીવે જ જાવ...' અકબરે હુકમ કરી દીધો 'સવારે ઉઠાડજો એ પહેલા નહીં.' સવાર થઈ ચોકીદાર કાગડાની રાહ જોવા લાગ્યો. બપોર પડી. અચાનક કાગડો કાગડી ચોકીદારને દેખાયા એટલે બુમ પાડી અકબર બાદશાહને ઉઠાડયા... અકબર દોડતા અટારીમાં આવ્યા જોયું તો એક જ કાગડો... તરત વિચાર આવ્યો... અરર... મારું આયુષ્ય અડધું થઈ ગયું. બીજો કાગડો ઉડી ગયો એમાં બિચારા ચોકીદારને કાલે ફાંસી આપો, કારણ કે એણે એક જ કાગડો બતાવ્યો અને મારું આયુષ્ય ટૂંકાવી દીધું, 'બીરબલને ખબર પડી એટલે બાદશાહને મળવા આવીને કહ્યું, 'જહાપનાહ, બે કાગડા જોનારનું આયુષ્ય લાંબુ થાય, એવું પેલા જ્યોતિષ કહેતા હતા અને આપ પણ એ વાત માનતા હતા, પણ જો ખરેખર એમ જ હોય તો ચોકીદારનું આયુષ્ય ટૂંકું કેવી રીતે થઈ ગયું એણે તો બે કાગડા જોયા જ હતા.''

બાદશાહને ભૂલ સમજાયી. ચોકીદારને માફ કર્યો.

# ભારેલો અગ્નિ ફરી ભભૂકશે

**તંત્રીસ્થાનેથી...**

મહેસાણા કસ્ટોડિયલ ડેથની ઘટના છે, પરંતુ એના પ્રત્યાઘાત એથી પણ વધારે કમનસીબ છે. ફરી એક વાર એસ.ટી. બસો બાળવાનો દોર શરુ થયો છે અને આખું ઉત્તર ગુજરાત હચમચી ઊઠ્યું છે. તંત્ર ઉજવણીઓમાં પડ્યું છે ત્યારે પ્રજાનો આક્રોશ ભભૂકી ઊઠશે તો એની જવાબદારી કોના પર ઢોળીશું? શું કોંગ્રેસ પર આક્ષેપો કરવાથી બધું સુધરી જશે ? પાટીદાર યુવાન કેતનનું જે રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું છે. તેની પાછળ પોલીસનો અત્યાચાર જવાબદાર હોવાની શંકામાં તથ્ય હોવાની સંભાવના છે. એક તરુણ વયનો છોકરડો પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પામે ત્યારે સ્વાભાવિક રીતે જ એના પર થર્ડ ડિગ્રી અજમાવ્યાની શંકા જાય. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ પોલીસની સામેલગીરી છાવરવા મોઘમ ભાષામાં લખાયો હોય એમ પણ બને. આખરે સ્થાનિક તબીબી અધિકારીઓ પણ ખાખી વરદીની સુમેળભર્યા સંબંધો રાખવામાં જ શ્રેય સમજતા હોય છે. પાટીદાર યુવાન પાછો પાટીદારો માટે અનામતની માગણી કરતા હાર્દિક પટેલના સંગઠન સાથે સંકળાયેલો હોય તો આવી શંકા સવિશેષ બળવત્તર બને. મૃતક યુવાનના પિતાએ પોતાના પુત્રને પોલીસે જ ઢોર માર મારીને મોતને ઘાટ ઉતાર્યો હોવાનો સીધો આક્ષેપ કરી એના પુનઃ પોસ્ટ મોર્ટમની માગણી કરી છે જે તંત્રને મને કમને સ્વીકારવી પડી છે. જો કે બીજી વારનું પોસ્ટ મોર્ટમ કરનારા તબીબી નિષ્ણતો પણ આખરે તો સરકારી કર્મચારીઓ જ હોવાના. શરીર પર મારના નિશાન ન જણાય એવી યાતના આપવામાં પણ પોલીસતંત્ર નિષ્ણાત હોય છે. બરફની પાટ પર સુવડાવવું, પગનાં તળિયા પર કે અન્યત્ર વીજળીના શૉક આપવા વગેરે પણ થર્ડ ડિગ્રીના જ જુદા જુદા નુસખા છે. વળી કસ્ટડીમાં મુકાયેલ વ્યક્તિ સાથે અપમાનજનક વર્તન કરવાથી એને માનસિક આઘાતને કારણે પણ હાર્ટ એટેક આવી શકે. ટૂંકમાં કસ્ટોડિયલ ડેથથી સાચી અને ઊંડી તપાસનો રિપ્રોટ તો માત્ર ન્યાયિક તપાસમાં જ બહાર આવી શકે. આવા પોલીસ સ્ટેશનના ઈન-ચાર્જ પોલીસ અધિકારીઓનો નાર્કો ટેસ્ટ લેવાવો જોઈએ. એ સિવાય ભાગ્યે જ કોઈ પોલીસ કર્મચારી સાચી વાત કબૂલશે. મહેસાણા કસ્ટોડિયલ ડેથ એક સીમા ચિહ્ન રૂપ ઘટના છે, જે તંત્રની નઘરોળ ક્રૂરતાનું વરવું ઉદાહરણ છે. ગુનો કબૂલાવવા કરાતા થર્ડ ડિગ્રી ટોર્ચરને પણ ન્યાયતંત્ર કે માનવ અધિકારનું સંરક્ષણ કરવા પ્રતિબદ્ધ આપણા દેશનું બંધારણ કયારેય માન્ય રાખતું નથી, છતાં બ્રિટીશ રાજની પરંપરા મુજબ ઑફ ધ રેકર્ડ બધું જ ચાલતું રહે છે અને સરકાર તથા સમાજ પણ આંખ આડા કાન કરી એને ચાલવા દે છે. મરનાર પાટીદાર યુવાન કોઈ આતંકવાદી નહોતો કો નહોતો રીઢો ગુનેગાર. પરંતુ એને એના કહેવાતા ગુના બદલ પોલીસ કસ્ટડીમાં પુરાવું પડ્યું અને એની સામેના ગુનાની ખાતરી થાય કે અદાલતમાં એ માટેની નિયત કરેલી સજા ફરમાવવામાં આવે તે પહેલાં જ એને રેરેસ્ટ ઑફ રેર કેસમાં અપાતી મોતની સજા મળી ગઈ. આ ખૂબ જ વખોડવાલાયક અને આઘાતજનક ઘટના છે. માનનીય મુખ્યમંત્રીએ પણ એને કમનસીબ ગણાવી છે. પરંતુ સાથે જ એના મોત પર થઈ રહેલા રાજકારણની પણ ટીકા કરી છે. રાજકારણીઓ કોંગ્રેસી હોય કે ભાજપવાળા : કાગડા બધે જ કાળા હોય છે. આવી જ ઘટના કોંગ્રેસી શાસન દરમિયાન બની હોત તો ભાજવાળાઓએ આથી પણ ઘણો વધારે ઊહાપોહ મચાવ્યો હોત. વળી કોંગ્રેસી ધારાસભ્યે આ મુદ્દે મૃતક પરિવારનો સાથ આપી જાતે ઉપવાસ પર બેસવાની જાહેરાત કરી છે. એમાં રાજકારણ હશે એટલી જ માનવીય સંવેદના પણ છે. આખરે ધારાસભ્ય પોતાના મતદારોની તરફેણ નહીં કરે તો બીજું કોણ કરશે ? ઉત્તર ગુજરાતમાં શાંત પડી ગયેલું પાટીદાર આંદોલન આ વિશિષ્ટ પ્રકારના શહીદની ચિતા પર ચઢીને પુનઃ ઉગ્ર સ્વરુપ ધારણ કરી શકે એમ છે. ફક્ત મોટી મોટી વાતો કરવાથી કે ધૂમધડાકાવાળી ઉજવણીઓ કરવાથી પ્રજાને લાંબો સમય બાનમાં રાખી શકાતી નથી તે આપણા સ્વકેન્દ્રિત ટૂંકી નજરવાળા શાસકોએ વેળાસર સમજી લેવાની જરૂર છે. કેતનનું કસ્ટડી મૃત્યુ ટર્નિંગ પોઈન્ટ નીવડી શકે!

# કવિ નિરંજન શાહ 'નીર'ની સર્જનયાત્રા અને રચનાઓનું સ્વમુખે પઠન



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● કવિ નિરંજન શાહ 'નીર'ની સર્જનયાત્રા અને રચનાઓનું સ્વમુખે પઠન

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ગરવી ગુજરાતી ભાષાના સાહિત્યને હરદમ ધડકતું અને ફોરતું રાખતા યોજાતા કાર્યક્રમો પૈકીનાં, 'સર્જકની કૅફિયત' કાર્યક્રમ અંતર્ગત, પ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી'ના અધ્યક્ષપદે કવિ નિરંજન શાહ 'નીર' ની સર્જનયાત્રા અને તેમની રચનાઓનું સ્વમુખે પઠનનો કાર્યક્રમ, તા. ૧૧-૦૬-૨૦૧૭ને રવિવારનાં રોજ સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે, તો આ સાહિત્યિક મહેફિલને માણવા પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

● ૫મી જૂન એટલે 'વિશ્વ પર્યાવરણ દિન.'

આ 'વિશ્વ પર્યાવરણ દિન'ની ઉજવણી નિમિત્તે ગુજરાત સરકારના વનવિભાગ અને ગાંધીનગર સાહિત્યસભાના સંયુક્ત ઉપક્રમે 'સંવેદનાને સથવારે... વનાવરણથી રક્ષીએ પર્યાવરણ' નો કાર્યક્રમ તા. ૫-૬-૧૭ની નિખરતી સંધ્યાએ, તાલીમ અને સંશોધન ભવન-વનવિભાગ ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં વનખાતાના ડી. કે. શર્મા, જગદીશપ્રસાદ અને સાહિત્યકાર - કવિઓ દોલત ભટ્ટ, પ્રવીણ ગઢવી, રાજેશ વ્યાસ, 'મિસ્કિન'નું સુતરની આંટી અને પુસ્તક પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યો, ત્યારબાદ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી, શ્રદ્ધાના અજવાળે કાર્યક્રમની શરુઆત કરતાં રાજેશ વ્યાસ દ્વારા કરવામાં આવી છે. 'મિસ્કિન, ભરત કવિ, દિનેશ દેસાઈ, ડૉ. દિનેશ શર્મા, નટવર હેડાઉ, કિશોર જીકાદરા, પ્રતાપસિંહ ડાભી, તેજસ દવે, અનિલ ચાવડા, રમેશ ઠક્કર, કનૈયાલાલ ભટ્ટ હરિવદન વ્યાસ, ડૉ. ગંગાચરણસિંહ, ડૉ. જગદીશ પ્રસાદ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું જીવંત સંચાલન કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ' એ સુપેરે કર્યું હતું.




● શ્રેષ્ટ પુસ્તક પારિતોષિક, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા આપવામાં આવે છે, તેમાં વર્ષ - ૨૦૧૪ના સંશોધન - ભાષા - વ્યાકરણ ક્ષેત્રમાં ભવસુખ શિલ્કના પુસ્તક 'સિંધુ - હિન્દુ અને સિંધુ સભ્યતા એક અલગ દષ્ટિકોણ'ને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. તે સાથે અમૃત ગંગરના પુસ્તક 'રૂપાંતર'ને પ્રથમ પારિતોષિક સંયુક્ત રીતે પ્રાપ્ત થાય છે. વર્ષ ૨૦૧૫માં વિવેચન વિભાગમાં ઉર્વી તેવરના ગ્રંથ 'કથાબંધી'ને પ્રથમ પારિતોષિક મળે છે.

● રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ચૂંટેલી ગઝલોને વિશેષ સંગ્રહ 'મળેલા જ મળે છે.' નું વિમોચન કવિ તુષાર શુક્લ દ્વારા તા. ૪-૫-૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું. જેનો આસ્વાદ પુસ્તક મેળામાં તુષાર શુક્લએ આગવી શૈલીમાં કરાવ્યો હતો.

**- muljibhaidadhi@gmail.com**


# સર્વોદય વિચારના નભોમંડળનો તેજસ્વી સિતારો : દાદા ધર્માધિકારી



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

મહારાષ્ટ્રના સંત તુકડોજી મહારાજ દાદા ધર્માધિકારી વિશે ભારપૂર્વક કહેતા હતા : " મેં મારા જીવનમાં ઘણાં બધા સંત-મહંતો જોયા છે. પરંતુ અમને સહુને શરમાવે તેવા સહજતાના ધણી તો એક દાદા જ છે. " તુકડોજી મહારાજનું આ અવલોકન સંતત્વ – સજ્જનતાના બાહ્ય પરિવેશ સાથેના નાના સરખા પણ અનુસંધાનનો મૂળમાંથી વિચ્છેદ કરે છે. આપણાં વિદુષિ વિમલાતાઈ દાદા વિશે વાત કરતા કહે છે કે દાદા એક ગ્રહસ્થ હતા પરંતુ સન્યાસીઓને પણ શરમાવે તેવો તેમનો વૈરાગ્ય હતો. દાદાના સ્વભાવ સાથે લોહીની જેમ વણાયેલી વત્સલતાનો પણ વિમલાતાઈ ઉલ્લેખ કરે છે. માનવજીવનના ઉચ્ચતમ મૂલ્યોનું દર્શન દાદાના જીવન તથા કર્મોમાં થાય છે. અજાતશત્રુ જેવા તેમના વ્યક્તિત્વના મોહે અનેક લોકો દાદા તરફ ખેંચાતા રહ્યા હતા. દાદા આ લોકને છોડીને ૧૯૮૫ માં અંતિમ પ્રયાણ કરી ગયા. દાદાના જવાથી ગાંધી વિચારની એક મહત્વની અને કદાચ અંતિમ કડી ઉખડી ગઈ તેવું તારા ભાગવતનું વિધાન યથાર્થ લાગે છે. દાદાની પાવક સ્નેહગાથા "ભૂમિપુત્ર" થકી અનેક લોકોને ભગવત્ પ્રસાદની જેમ પહોંચી શકી. જૂન માસમાં સર્વોદયના અનેક વિચારકો –ભાવકોને દાદાની વિશેષ સ્મૃતિ થાય છે. દાદા ધર્માધિકારીનો જન્મ ૧૮૯૯ના જૂન માસની અઢારમી તારીખે થયો હતો.



૧૯૫૧ માં આ દેશમાં આઝાદી પછીની એક બીજી મહત્વની અને ઐતિહાસિક ઘટના બની. આ વર્ષમાંજ વિનોબાજીએ ભૂદાનયજ્ઞનો આરંભ કર્યો. છેવાડાના માનવી સુધી સમૃધ્ધિનો એક નાનો એવો અંશ પહોંચાડવાનો આ ભગીરથ પ્રયાસ હતો. ગાંધી વિચારને ભૂમિગત કરવાની આ વિનોબાજીની દુર્લભ દ્રષ્ટિ હતી. દેશ તો આઝાદ થયો પરંતુ તેનાથી વ્યવસ્થા પણ બદલી છે તેવું કોઈ ખાતરીપૂર્વક કહી શકે તેમ ન હતું. આથી જો દેશની સ્વાધિનતા સાથેજ શાસકીય તથા સામાજિક વ્યવસ્થાનો સામાન્ય નાગરિકના હિતમાં બદલાવ ન થાય તો આઝાદ દેશના ફળ સ્વરૂપ લાભ જન જન સુધી પહોંચી શકે નહિ. આવા પરિવર્તન માટે સરકાર સામે જોઈને બેસી રહેવાનું વિનોબાજી જેવા વિચારશીલ કર્મવીરને પાલવે નહિ. આથી વંચિતોના લાભ માટે અને સામાજિક બદલાવને વાસ્તવિકતા આપવા માટે બાબાએ ભૂદાન ચળવળ શરૂ કરી. કવિ કાગે લખ્યું :

અલેકીઓ માંગવા આવ્યો રે
આ તો દેશ દખ્ખણનો બાવો.
દેશ દખ્ખણનો બાવો, કોઈ
દેખ્યો નથી આવો... અલેકીઓ...

વિશ્વના સામાજિક રાજકીય ઈતિહાસમાં બાબનો આ પ્રયાસ અજોડ તથા (છેવાડાના માનવીઓને) ઉપકારક નીવડ્યો છે.

ભૂદાનયજ્ઞમાં વિનોબાજીને દાદા તરફથી ઘણો મજબૂત સહયોગ પ્રાપ્ત થયો હતો. ભૂદાનયજ્ઞની પ્રવૃત્તિ પૂરજોશથી ચાલતી હતી તે સમયના વિનોબાજી તથા દાદા વચ્ચેના કેટલાક સંવાદ ફરી ફરી વાંચવા – સાંભળવા ગમે તેવા છે. વિનોબાજી આ સમયમાં એક વાર સખત બીમાર પડી ગયા. સર્વોદયના સૌ કાર્યકર્તાઓ વિનોબાજીની તબીયત અંગે ચિંતિત રહેતા હતા. આ સમયે એક સમયે દાદા વિનોબાજીની નાદુરસ્ત તબીયતના સમાચાર સાંભળી તેમને મળવા ગયા. વિનોબાજી સાથે ભૂદાનયજ્ઞ કાર્યની પ્રગતિ વિશે વાત કરતા દાદા વિનોબાજીને કહે છે : " તમે કામની ચિંતા છોડી દો. અમારું ગજુ શું છે તે હું જાણું છું. પરંતુ ભૂમિદાન યજ્ઞનો ઘોડો તમે છો તો એ ન ભૂલતા કે હું આ યજ્ઞનો ગધેડો છું ! " દાદાની વિનોદવૃત્તિ જાણનારા અને આ સંવાદ સાંભળનારા સૌ ખડખડાટ હસી પડ્યા. દાદા કહે છે આવું કહીને મારી પાસે જે કંઈ છે તે સર્વસ્વનું સમર્પણ ભૂદાનયજ્ઞ માટે કરવાની મારી તૈયારી હતી. વિનોબાજી પણ પોતાના ભૂમિદાન યજ્ઞના કાર્યને પ્રજાસૂય યજ્ઞ તરીકે ઓળખાવીને તેનું ગૌરવ પ્રસ્થાપિત કરતા હતા. અનેક દેશવાસીઓને વિનોબાજી ભૂમિ માગનારા પૌરાણિક કથાના વામનના અવતાર સમાન લાગતા હતા. ભૂદાનયજ્ઞનો અથાક પરિશ્રમ કરીને કૃશ કાય થઈ જનારા વિનોબાજીને એક વખત દાદાએ કહ્યું : " લોકો તમને વામનની ઉપમા આપે છે પરંતુ મને તમારી પ્રક્રિયામાં વામન તથા દધીચીનું મિશ્રણ જોવા મળે છે. " વિનોબાજીએ હળવાશથી જવાબ આપતા દાદાને કહ્યું : "હા, દહીં ખાઈ રહ્યો છું એટલે દધીચી કહી શકો છો." બન્ને મહાનુભાવો વચ્ચેની આવી વિનોદી ગપસા હમેશા ચાલતી રહેતી હતી. ગાંધીના ગોવાળો કદી વિચારનો બોજ વહન કરી ભારેખમ તથા શુષ્ક થઈ જનારા ન હતા.

જે સ્થિતિનું વર્ણન દાદાએ પોતાના શૈશવકાળના સંદર્ભમાં કર્યું છે તે રસપ્રદ છે. મજબૂત કુટુંબ વ્યવસ્થાના કારણે બાળકને કેટલાક સંસ્કાર તેમજ જીવન ઘડતરની પ્રેરણા તો કુટુંબમાંથીજ મળી રહેતી હતી. દાદાના મા સરસ્વતીબાઈ હતા તો નિરક્ષર પરંતુ સ્વપ્રયાસના બળે અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરીને નિત્ય પહોરે ગીતાપાઠ – અભંગ તથા સ્ત્રોત્રનો મુખપાઠ સ્પષ્ટ શબ્દોમાં કડકડાટ કરતા હતા. આ સંસ્કાર સીધાજ બાળકો સહજપણે ઝીલતા હતા. દાદા કહે છે કે ઘરમાં બીજી બે સંસ્થાઓ એટલે અખાડો તથા ગણેશનું મંદિર. દાદાના પિતાજી કુસ્તી ખેલવામાં માહેર હતા. આથી શારીરિક ઘડતર પણ માનસિક ઘડતરની સાથેજ અનિવાર્ય રીતે થતું હતું. ઉપરાંત ગામમાં કથાકાર જેમને પુરાણિક કહેવામાં આવતાં તેમનું પણ એક સ્થાન હતું. કથાઓ હિન્દી મિશ્રીત મરાઠીમાં થતી. આ એક લોકશિક્ષણનું સુગમ તથા મનોરંજનયુક્ત સાધન હતું. બાળકોની જ્ઞાન પિપાસા પણ તેના વડે સંતોષાતી હતી. આમ જોઈએ તો આવી એક અવૈધિક છતાં સુચારું વ્યવસ્થા હિન્દુસ્તાનનાં લગભગ તમામ પ્રદેશોમાં એક અથવા બીજા સ્વરૂપે કે નામથી ચાલતી હતી. આ વ્યવસ્થા બાળકોના વિકાસ માટે અસરકારક તથા પૂરક બનતી હતી.

દાદા વિશે એ બાબત ખાસ નોંધવામાં આવી છે કે તેઓ હમેશા કહેતા કે " મને તો દુનિયાના બધા માણસો મારા કરતા શ્રેષ્ઠ દેખાય છે. " આ વિધાનમાં પણ એક યોગીની, એક સાધકની નમ્રતાના દર્શન પણ થાય છે.

# ગાંધીની કેળવણી વિચારમાં સામાજિક તંગદિલી નિવારણના સાહજિક ઉપાયો



## ગાંધી ૧૦૦

ડૉ. રાજેન્દ્ર જાની

આધુનિક માનસશાસ્ત્ર એમ સૂચવે છે કે બાળકો માટે રમત ખૂબ જરૂરી છે. બાળ રમતમાં ગમ્મત પણ આપોઆપ ખીલતી હોય છે. રમત વ્યક્તિ માટે તેના કાર્યમાં માર્ગ કરનાર હોય છે. એણ મનોવિજ્ઞાનીઓ દર્શાવે છે. રમત માર્ગ કરનાર એવી રીતે કે બાલ્યાવસ્થામાં સીધેસીધી રીતે પ્રગટ થવા માટે જેને પૂરતી તક મળી નથી એવી અજ્ઞાત રીતે કયાંક દબાયેલી - કચડાયેલી કે રૂંધાયેલી અમુક પ્રવૃત્તિઓ કે લાગણીઓને તે માર્ગ આપે છે.

સમાજવિજ્ઞાની જે એસ રોઝના અનુસાર તેઓનું દૃષ્ટાંત જોવા જેવું છે. રોઝ કહે છે, મનુષ્યના એક સભ્ય સમાજના જીવનમાં ઝઘડાળુ વૃત્તિને પૂરતો અવકાશ મળતો નથી. પરંતુ પ્રકૃતિગત કોઈ પણ મનુષ્ય લડવૈયા છીએ, લડ્યા વિના ચાલતું નથી. આ દબાયેલી મનુષ્યની સાહજિક વૃત્તિને બહાર લાવવાની તક રમતમાં મળે છે. ગાંધીજી આવી રૂંધાયેલી કે મનમાં ધરબાઈ રહેલી આત્મિક વૃત્તિને હાથ ઉદ્યોગો દ્વારા માર્ગ કરી આપવાની જોગવાઈ કરે છે. ગાંધીને મન હસ્તઉદ્યોગએ રમતનું સૌથી શિષ્ટ અને ઈચ્છવા યોગ્ય સ્વરુપ છે. ગાંધી કયારેય તેમના પ્રિય એવા સરખા અને તકલીનો સંદર્ભ ભૂલે ખરા? રેંટીયા પ્રેમી મહાત્મા હસ્તઉદ્યોગની તેમની હિમાયત કરવા સાથે એવી દલીલ કરે છે કે 'તકલી રમવા માટેનું સરસ રમકડું છે, તે ઉત્પાદક છે તેથી કરીને રમકડું નથી એમ નથી.' (સંદર્ભ - એજ્યુકેશન રિકસ્ટ્રકશન, પાન. ૬૩)

ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાય રહ્યો છે ત્યારે અત્યાર સુધીમાં બાળકોને શિક્ષણની સાથે હસ્તઉદ્યોગની કેળવણીનો પ્રયોગ સરકારે હાથ ધરવા જેવો છે ખરો એવું ગાંધીજીના આ સંબંધેના કટિબદ્ધ અવતરણોમાં વ્યક્ત થાય છે. આમ જોઈએ તો ગાંધીજીના કેળવણીનાં શારીરિક શ્રમ સાથેનું શિક્ષણ એ જ કેળવણી હતી. વિદ્યાર્થીની ઉંમરને ધ્યાનમાં લઈને તેમને નાના નાના કામો સાથે જોડવા જોઈએ એમ તેઓ માનતા હતા.

> **તકલી એ ઉત્પાદક છે એટલે રમતનું સાધન મટી જતું નથી**

મનુષ્યમાં દબાણ દ્વારા છૂપાવવામાં આવેલી વૃત્તિને રમતમાં બહુ સરળતાથી છૂટી મૂકી શકાય છે. આ રીતે રમતને મનુષ્ય માટે સેલ્ફી વાલ્વ છે અને સરવાળે સમાજ માટે તો અવશ્ય એ સેપ્ટી વાલ્વ છે જ. ગાંધી જયારે શ્રમની વાત કરે છે. ત્યારે એમાં રમતની ભાવના વ્યક્ત થાય જ છે. શ્રમ અને રમત વચ્ચેનો ભેદ પ્રવૃત્તિઓમાં રહેલો નથી. એ તો આચરનારની પ્રત્યેના વલણમાં રહેલો છે. આ વાતને આપણે ઉદાહરણ તરીકે જોઈએ. જેમ કે કોઈ વ્યક્તિ કાંતણ શાળામાં કે કાંતણ કારનાખામાં કામ કરે છે તે તેના માટે શ્રમ અને તેની સાથે આર્થિક ઉપાર્જન છે એમ સમજી શકાય. બીજા શબ્દોમાં કદીએ તો કોઈ પણ પ્રવૃત્તિ મનુષ્ય આનંદપૂર્વક અને સહજપણે કરે ત્યારે તે પ્રવૃત્તિ તેના માટે રમત છે. પછી તે બીજાના માટે ગમે તે હોય કે પછી તેનો આર્થિક અને ઉત્પાદકીય સંબંધ શું છે ? એની જાણ સુદ્ધાં ન હોય. ગાંધીના કેળવણી વિષયક વિચારમાં કાંતણ કાર્ય હોય કે કોઈ પણ પાયાનો નાનકડો હસ્ત ઉદ્યોગ શાળેય શિક્ષણમાં હોય કે બાળકની સંપૂર્ણ સ્વ-અભિવ્યક્તિને મોકળાશ આપનારી પ્રવૃત્તિ છે એમ કહેતા હતા. જેમ જેમ ઔદ્યોગિક ક્રાંતિનો વ્યાપ અને વિસ્તાર વધશે તેમ તેમ સમાજમાં તંગદીલી વધતી જશે એવી જાણે ગાંધીને આગોતરી જાણ હોય એમ 'સ્ટ્રેસ મેનેજમેન્ટ'નો ફંડા તેમણે આડકતરી રીતે રજૂ કર્યો હતો એમ કહી શકાય.

બાળકને ઉદ્યોગ શીખવામાં જોડાશે ત્યારે ઉદ્યોગ શીખવાથી તેની અન્ય વૃત્તિઓને બહાર લાવવાની તક મળશે. બાળક માટે ઉદ્યોગ એ એક રમતની પ્રવૃત્તિ જ હશે અને સાથી તેમાં મન, બુદ્ધિ અને ચિત્ત પરોવીને કામ કરશે. એના શીખેલા કામમાંથી જયારે એ કામ કરતો થશે ત્યારે એ પરોવાશે, ગુંચવાશે, ઝૂઝશે અને પાર ઉતરશે. શું થઈ શકે એમ કેવી રીતે થઈ શકશે એમાંથી એ નિપુર્ણતા પ્રાપ્ત કરશે. સમસ્યામાંથી જયાં સુધી તેને ઉકેલની ચાવી મળશે નહીં ત્યાં સુધીએ પ્રયત્નશીલ રહેશે. આ પ્રયત્નોમાં નિષ્ફળતાની હારમાળા પછી સફળ પણ થશે પણ જીવનમાં નિષ્ફળતા આવે ત્યારે તેને પચાવવાનો પાઠ તેને બાલ્યકાળથી જ અનુભવે શીખવા મળશે. ગાંધીના કેળવણી વિચારમાં અનુભવ દ્વારા શીખેલું બાળક ધીરે ધીરે નિર્પુણતા મેળવતો થાય અને જયારે યુવા વયે પહોંચે ત્યારે એની આવી શ્રમ સાથેની કેળવણી નિર્પુણતા તેને પૂર્ણતા તરફ લઈ જશે એવી ન કહેવામાં આવેલી પણ સામેનો માણસ સમજી જશે એવી સમજણ છવાયેલી હતી.

સમાજની વિવિધ સમસ્યાઓ હોય કે અગમના એંધાણ પારખતા હોય એવી મુશ્કેલી સંબંધે ગાંધીએ સમાજ વિજ્ઞાનીની માફક અનેક સમસ્યાઓને ધ્યાનમાં લઈને તેના ઉકેલો રજૂ કર્યા હતા. આજે આપણે ત્યાં સૌથી મોટો પ્રશ્ન આત્મહત્યાનો છે એમાં પણ પરીક્ષાના પરિણામના ડરથી આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના કિસ્સાથી અખબારોના પાના એક પણ દિવસ કોરા જતા નથી ત્યારે ગાંધીએ શ્રમના મહિમાગાન સાથેનું શિક્ષણ પ્રયોજવાની વાત કરીને આજના શિક્ષણ પછી નોકરીનું શું ? - આ પ્રશ્ન ઉદ્‌ભવે જ નહીં તેવી શિક્ષણ પ્રથા અમલમાં મૂકવાની હિમાયત કરી હતી. ૨૧મી સદીના દોઢ દાયકે ટેકનોલોજી ટુડે અને ટેકનોલોજી ટુમોરોના સૂત્રો વચ્ચે નવું તરત જૂનું થઈ જાય છે અને એમાંથી સર્જાતા તણાવ હોય કે રાજગાર ક્ષમતા પેદા કરતાં શિક્ષણની વાત હોય ગાંધીની કહેલી કેળવણી એક ઈલાજ અવશ્ય છે. ભલે મોડું થયું પણ પ્રયોગાત્મક રીતે આ પણ તેની ચકાસણી કરવી જરૂરી છે. ભાર વગરના ભણતરની સાથે શ્રમનું સહજ સિંચન એ આજના શિક્ષણમાં જરૂરી જણાય છે.

**(લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**